ક્રમાંક:- પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૧/૪૦૧૬-૪૧૮૨

ડૉ.એમ.આઇ.જોષી,
નિયામક

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી.
બ્લોક નં-૧૨/૧,ડો. જીવરાજ મહેતા ભવન.
ગુ. રા. ગાંધીનગર,
તા.૨૫/૦૮/૨૦૨૧.

વિષય:- ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ "શિક્ષક દિન" ના કાર્યક્રમ બાબત.

સ્નેહીશ્રી,

આપ સુવિદિત છો કે દર વર્ષે ૫ મી સપ્ટેમ્બર " શિક્ષક દિન" તરીકે ઉજવાય છે. ચાલુ વર્ષે પણ ૫મી સપ્ટેમ્બર-૨૦૨૧ ના દિવસે " શિક્ષક દિન" નિમિત્તે કાર્યક્રમ કરવા અંગે આપના જિલ્લામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) જિલ્લા તથા તાલુકા કક્ષાનાં પારિતોષિક માટે અત્રેની કચેરી દ્વારા ગ્રાંટ ફાળવી આપવામાં આવશે.આ ગ્રાંટમાંથી પારિતોષિક કાર્યક્રમનાં ખર્ચની વ્યવસ્થા જીલ્લા કક્ષાએથી કરવાની રહેશે.

(૨) શિક્ષક દિનનાં કાર્યક્રમ માટે સ્થાનિક ઉજવણી સમિતિ દ્વારા COVID-19 ની માર્ગદર્શિકા મુજબ સભ્યોએ ઉપસ્થિત રહી, સામાજીક અંતર જાળવી , કાર્યક્રમ સફળ બનાવવાનો રહેશે.

(૩) શિક્ષક દિનનાં કાર્યક્રમ કરવા સંબંધે સ્થાનિક ઉજવણી સમિતિ દ્વારા મળેલ માર્ગદર્શન મુજબ આયોજન કરશો.

(૪) શિક્ષક દિનનાં કાર્યક્રમ દરમ્યાન પ્રત્યેક જિલ્લા દીઠ શિક્ષક દિન નિમિતે વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યકમનું આયોજન ગોઠવવું.

(૫) આ ફાળો એકત્ર કરવાનું કાર્ય તારીખ ૫ સપ્ટેમ્બર , શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી રાખી શકાય.

(૬) આ કાર્યક્રમ દરમ્યાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરાવવાની રહેશે.

| ક્રમ | ફાળો એકત્ર કરનાર સંસ્થાઓ | નિયંત્રણ અધિકારી |
|---|---|---|
| ૧ | નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ | શાસનાધિકારી,સંબંધિત નગર/મહાનગર શિક્ષણ સમિતી |
| ૨ | જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સંબંધિત તાલુકાનાં તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| 3 | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| ૪ | કોલેજો અને યુનિવર્સીટી સંલગ્ન સંસ્થાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |



Scanned with CamScanner

૫ પી.ટી.સી કોલેજો જીલ્લા શિક્ષણાધિકારી

એકત્ર થયેલ ફાળાની રકમનો રોજે રોજનો હિસાબ ઉપરોક્ત અધિકારીઓએ રાખવાનો રહેશે અને ફાળો એકત્ર કરવાનું અઠવાડિયું પૂરૂં થાય તુરંત જ નીચે જણાવેલ બેંકમાં અને જણાવેલ ખાતામાં સંબંધિત અધિકારીઓએ બારોબાર જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

શિક્ષકદિનનો ફાળો નીચેની બેંકમાં જમા કરાવવાનો રહેશે:-
ખાતાનું નામ:સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર ,
બેંકનું નામ :- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા,મેઈન બ્રાન્ચ, સચિવાલય,ગાંધીનગર.
ખાતા નં.10325061369

૭ આપના તરફથી એકત્ર થયેલ ફાળો રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી આ કચેરીને મોકલવાનો નથી તેની ખાસ કાળજી લેવી અને ઉપરોક્ત જણાવેલ સ્ટેટ બેન્કના ખાતામાં જમા કરાવવાનો રહેશે.

૮ જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી.

૯ ફાળો એકત્ર કરવાની જરૂરી વ્યવસ્થા દરેક જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

૧૦ શિક્ષક દિનની ઉજવણીનો અહેવાલ , આ કચેરીને ડો એસ.પી.ચૌધરી, નાયબ નિયામકશ્રીના નામ જોગ તા.૨૫/૯/૨૦૨૧ સુધીમાં મોકલી આપવો. આપના જિલ્લાના કાર્યક્રમોના ફોટોગ્રાફ તથા એકત્રીત થયેલ ફાળાની વિગતો પણ અહેવાલમાં સામેલ કરવી.

૧૧. તારીખ ૫ મી સપ્ટેમ્બરનાં રોજ શિક્ષક દિન નિમિત્તે તાલુકા અને જિલ્લા કક્ષાએ જે શિક્ષકોને પારિતોષિક આપવા માટે પસંદ કરવામાં આવે તે અંગેનાં કાર્યક્રમમાં , COVID-19 ની માર્ગદર્શિકા મુજબ સભ્યો વધે નહિ તે રીતે હાથ ધરવા જણાવવામાં આવે છે.

નોંધઃ કોઇપણ સંસ્થાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીને મોકલવો નહિ.

આપનો સ્નેહાધિન,

(ડો.એમ.આઇ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ. રા. ગાંધીનગર.

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર.
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આપના જિલ્લાની આવેલ બિન સરકારી / સરકારી શાળાઓ કચેરીઓને પણ આ પરિપત્રની જાણ કરી,તેઓને પણ આ કામગીરીમાં ભાગીદાર બનાવશો.
(૩) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
(૪) જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૫) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.
(૬) વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીશ્રીઓ, સદર કચેરી.

નકલ સવિનય જાણ સારૂ:-
૧.અંગત સચિવશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧,નવા સચિવાલય, ગાંધીનગર.

જાનં/મા-૨/શિ.નિ.શાખા/૨૦૨૧/[illegible]
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
A-3, જિલ્લા સેવાસદન-2
અઠવાલાઇન્સ, સુરત.
તા. 26/08/2021

પ્રતિ,
આચાર્યશ્રી
જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ..

વિ/- ઉક્ત પરિપત્ર જાણ તથા 'શિક્ષણ સપ્તાહ' ની ઉજવણી કરવા તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

District Education Officer
Surat. Dist. Surat.